Nandalal. Manchand.

Vorlg

# શ્રી તારંગા તીર્થ

નો

## ઈતિહાસ ને ભોમીયો.

ફુલચંદ હરિચંદ દોશી.

મહુવાકર.

# શ્રી તારંગા તીર્થ

નો

# ઈતિહાસ ને ભોમિયો.

યોજક અને પ્રકાશક,

ફુલચંદ હરિચંદ દોશી.

મહુવાકર.

સં. ૧૯૭૯ વીર સં. ૨૪૪૯ ઈ. સ. ૧૯૨૩

મૂલ્ય ૦-૨-૦.

મુદ્રક,
વિઠ્ઠલભાઇ આશારામ ઠક્કર
લુહાણામિત્ર સ્ટીમ પ્રિં. પ્રેસ:
વડોદરા. તા. ૨૦-૧૦-૨૩


પ્રકાશક.
ફુલચંદ હરિચંદ દોશી.
મહુવાકર.

# સમર્પણ.

જહેની છાયામાં મેં મારૂં બાળપણ વ્યતીત
કર્યું છે, જહેના સંસ્કારો અને ધર્મ
ભાવનાઓ, સહનશીલતા અને
શાંતિ મારા જીવનમાં
ઘડાઇ રહ્યાં છે
તે
મ્હારા
પૂજ્ય સ્વર્ગસ્થ મામા શ્રી
**ઓધવજી બેચર દોશી**
ના
**સ્મરણમાં સમર્પિત.**

છોરૂ
ફુલચંદ

શ્રી તારંગાજી ઉપરનું આલીશાન ભવ્ય મંદિર



A 3963—Lakshmi Art, Bombay, 8

# બે બોલ.

ત્રણ વર્ષ પહેલાં ઇતિહાસવેત્તા મુનિ શ્રીકલ્યાણ **વિજયજીએ** શ્રીઆત્માનંદ પ્રકાશમાં લખેલું **શ્રી તારંગા તીર્થ**નું ઐતિહાસિક દર્શન વાંચી તે પવિત્ર તીર્થનાં દર્શન કરવા ઇચ્છા થઇ આવી. પછી પાટણજૈનમંડળબોર્ડિંગના વિદ્યાર્થીઓ સાથે અને બીજી વખત મારા એક મિત્રની સાથે તે તીર્થ, ત્યાંની કુદરતી રચના, ન્હાની ટેકરીઓ, ભવ્ય આલીશાન પ્રાસાદ મંદિર, ગુફાઓ વગેરે જોઇ આનંદ સાથે જ્ઞાન મળ્યું.

આ તીર્થનો ભોમીઓ તથા ઇતિહાસ યાત્રાળુઓ માટે લખાય તો ઘણું સુંદર એમ મને ઉદ્ભવ્યું અને મહારાજશ્રીને પૂછાવતાં ઘણી ખુશીથી સમ્મતિ મળી.

આજે ઇતિહાસ–ભોમીયો તેમજ યાત્રિકોને ઉપયોગી સૂચના બહાર પાડતાં અત્યંત આનંદ થાય છે.

પ્રાચીન–ઇતિહાસ માટે કેટલીક વધારે ઉપયોગી હકીકતો પૂજ્યપાદ શ્રીમદ્ વિજયઇન્દ્રસૂરિજીએ " આર્ચીયોલોજીકલ સરવે " " પ્રાચીન તીર્થમાળા, " " ઐતિહાસિક રાસ સંગ્રહ " વગેરેમાંથી બતાવી મને આભારી કર્યો છે.

આ પુસ્તકના કેટલાક લખાણ માટે હું મુનિ શ્રી કલ્યાણવિજયજી તથા આત્માનંદ સભાનો ઋણી છું.

પ્રુફ સુધારી આપવા તેમજ કેટલીક સૂચનાઓ કરવા માટે મુનિ શ્રી વિદ્યાવિજયજીનો આભાર માનવા તક લઉં તો અસ્થાને નથીજ.

ગાંધીપર્વ
શ્રાવણ સુદી–સાતમ, ૧૯૭૯

લી.
ફુલચંદ.

# અનુક્રમણિકા.


૧ પ્રાચીન ઇતિહાસ.

૨ આધુનિક દશ્યો.

૩ યાત્રાળુઓને સૂચના.

૪ સ્તવનાદિ.

# શ્રી તારંગા તીર્થ.

## જરૂરી—માહીતી.

આ તારંગા. તીર્થ મહીકાંઠા એજન્સીમાં ગઢવારા જીલ્લામાં ટીંબા ગામની નજીક આવેલું છે. મ્હેસાણુ જંકશનથી વીસનગર—વડનગર જતી ગાડી તારંગા હિલ્સ સુધી જાય છે. મ્હેસાણુાથી તારંગા સુધીના ૦—૯—૦ ટીકીટનો દર છે. તારંગા મ્હેસાણાથી ૪૦ માઇલ થાય છે. વડનગરથી ૨૦ માઇલ છે અને ખેરાળુથી ૧૨॥ માઇલ છે. ટીંબા ગામ નીચે આવેલું છે.

તારંગાનો ડુંગર ઘણો વિશાળ છે. આશરે બાર કોશના ઘેરાવામાં છે. ચિત્તા—વાઘ, દીપડા ઘણી વખત જોવામાં આવે છે, મુખ્ય મંદિર પાસેના ન્હાના તલાવમાંથી કોઇ કોઇ વખત રાત્રે ત્રાડો સંભળાય છે. શિલાના રસ્તામાં અને તારણ માતાના મંદિર ઉપરથી જોતાં ગુફાઓ દેખાય છે. ડુંગરમાં વાંસનાં ઘણા ઝાડ છે. તેમ લાકડાનું જંગલ છે. ચંદનનાં ઝાડ પણ જોવામાં આવે છે. વાંદરાઓ પણ બહુ રહે છે.

તારંગાજી માટે મ્હેસાણાથી જે બે ગાડી વીસનગર તરફ સવારે તથા સાંજે જાય છે તેમાં સવારની ગાડી વધારે અનુકુળ પડે છે. જેથી દિવસ છતાં ડુંગર ઉપર પહોંચી જવાય છે. તારંગા હિલ સ્ટેશન પાસે એક ધર્મશાળા છે જ્યાં

સાધારણ સગવડો છે. ત્યાંથી તળાટી બે માઇલ આશરે છે. તળાટીથી ઊંચે જવાનું ચઢાણ આવે છે. તળાટીથી ઉપડામણીઆ મજૂર-ડોળી મળે છે. ભાતુ પણ આપવામાં આવે છે. ઉપર એક માઇલ પછી મંદિરો આવે છે. દરેક યાત્રાળુને ૦-૩-૦ ત્રણ આના મૂંડકા વેરો આપવો પડે છે, જે ટીંબાના ઠાકોર તેમજ ભાયાતોને મળે છે.

તારંગાજીમાં ધર્મશાળાની સગવડ છે. ગોદડાં-ગાદલાં, વાસણ કુસણ વગેરે મળે છે. ઉપર એક મોદીખાનું છે. અને દુધ પણ મળે છે. તારણમાતા, જોગીડાની ગુફા વગેરે જોવા જતાં ભોમીયા તરીકે ત્યાંથી કોઇ માણુસ સાથે લઇ જવો, જેથી અનુકૂળતા રહે.

## તીર્થયાત્રાનો ઉદ્દેશ.

તીર્થસ્થાન એ એક એવું પવિત્રસ્થાન છે જ્યાં માણુસને શાંતિ આનંદ અને આરામ મળી શકે છે. સંસારના તમામ જીવો આધિ વ્યાધિ અને ઉપાધિમાં મચેલા હોય છે, જીવનમાં પ્રવૃતિ વધતી જાય છે તેમાંથી નિવૃત્તિ મેળવવા તીર્થસ્થાન શાંતિનું સ્થાન છે.

જ્યાં અનેક મહાત્માઓએ તપ કર્યું છે, જ્યાંની પવિત્ર ભૂમિ શ્રી તીર્થંકરો અને કેવળીઓના પગલાંથી પવિત્ર થયેલી છે, જ્યાં શાંતિ અને પવિત્ર વાતાવરણ અનુભવાય છે, જ્યાં સ્થળે સ્થળે કુદતના સુંદર મનોહર દેખાવો આવી રહેલા માલુમ પડે છે. જ્યાં આપણા બાપદાદાની અસીમ ઉદારતા અને લક્ષ્મીના

સદુપયોગના ભવ્ય અને આલીશાન મંદીરો આવી રહ્યાં છે, તે પવિત્ર પુણ્યભૂમિ, શાંતિનિકેતન અને દુનિઆ ઉપરના સ્વર્ગમાં જવાનું કોને મન ન થાય ? આત્માની શુદ્ધિ એ તીર્થયાત્રાનો ઉદ્દેશ છે. દુનિઆની ધમાલમાંથી નિવૃત્તિ મેળવવા–આત્મશાંતિ મેળવવા વર્ષમાં એક વખત જરૂર કોઇપણ તીર્થના દર્શનાર્થે અવશ્ય જવું જોઇએ.

તીર્થયાત્રાથી ઘણા લાભ થાય છે. ઉપાધિમાંથી શાંતિ–આરામ મળે, હવાફેરથી સ્વાસ્થ્ય સુધરે, મહાત્માઓના જીવન, તપ અને આત્મબળનું ભાન થાય, ચિત્તની સ્થીરતા, પ્રસન્નતા થાય, અનેક માણુસોના સમાગમથી બંધુભાવ ખીલે, કુદરતના દેખાવોથી આનંદ મળે, આથી દુનિઆમાં દુઃખી માણુસ પણ ઘડીભર આનંદ–શાંતિ મેળવે છે, અને બધાં દુઃખોને ભૂલી જાય છે. તીર્થયાત્રાથી શારીરિક, માનસિક તેમજ આત્મિક શુદ્ધિ–પવિત્રતા થાય છે. તીર્થયાત્રા એ મોક્ષ પ્રાપ્તિના સાધનોમાંનું એક સાધન છે. જેનાથી અનેક ભવ્ય આત્માઓ આત્મ શુદ્ધિ પામે તે તીર્થ. તીર્થયાત્રાથી મનની મલીનતા દૂર થાય છે તેમજ શુદ્ધ અને પવિત્ર ભાવના આત્મિક ઉલ્લાસ ખીલે છે.

મનુષ્યો તો શું પણ દેવતાઓ પણ યાત્રાઓનો આનંદ મેળવે છે. યાત્રાઓ આજે તો શું થાય છે પણ પહેલાના વખતમાં જ્યારે રેલગાડી અને એવાં બીજાં સાધનો નહોતાં ત્યારે શ્રાવક શ્રાવિકાઓના મોટા મોટા સંઘો આચાર્ય અને સાધુ મંડળ સહિત જતા હતા અને અનેક લાભો મેળવતા હતા.

શ્રીમદ્ વિજયધર્મસૂરિજીએ સંશોધન કરેલ 'પ્રાચીન તીર્થમાળા સંગ્રહ' ઉપરથી તારંગાની યાત્રા માટે નીચેના ઉલ્લેખ મળે છે:—

૧ પં. મેઘવિજયજી જેઓ સોમસુંદરસૂરિના વખતમાં (૧૪૯૯) થઇ ગયા છે તેમણે લખેલ તીર્થમાલામાં તારંગાજી માટે ઉલ્લેખ છે,—

"તારણ ગઢિ શ્રી અજીતજિણિંદ, હરષિઇ થાપ્યા કુમર નરિંદ."

૨ પં. સોભાગ્યવિજયજી વિરચિત તીર્થમાલા ૧૭૫૦

"તારંગે રંગે સદા પ્રણમું મુદારે અજીતદેવ જયવંત"

૩ શ્રી શીલવિજય વિરચિત તીર્થમાલા ૧૭૪૬

"ગઢ તારિંગિ અજીતજિણંદ તીરથ થાપ્યું કુમાર નરંદ"

૪ શ્રી જ્ઞાનવિમળસૂરિ વિરચિત તીર્થમાલા ૧૭૫૫

"વર્ષાઋતુ નેડી ભણી સુણ સુંદરી ન રહ્યા ધિર પરિણામ સાહેલડી,
"તારંગાની યાત્રા વલી સુ. દ્રવ્યે ન કરી તામ, સાહેલડી,
ભાવથકી તે વંદિયા, સુ."

## પ્રાચીન ઇતિહાસ.

શત્રુંજય, ગિરિનાર, આબુ, વગેરે માફક "તારંગા" પણ જૈનોનું પ્રસિદ્ધ તીર્થ છે.

મ્હોટા તીર્થની યાત્રાનું ફલ મ્હોટું છે, આ વાત તો બધા જાણે છે; કિન્તુ તેનું કારણ જાણનારા ઘણા થોડા હોય છે. આપણે માનીએ છીએ કે બધા તીર્થંકરો અને તીર્થો સરખાં છે. ત્યારે એ પ્રશ્ન થાય છે કે- તેની યાત્રાના ફલમાં વિશેષતા હોય છે તેનું કારણ શું ? એ પ્રશ્નનો ઉત્તર એજ કે જેવો આપણા હૃદયનો ભાવ; અને આપણા ભાવનો આધાર તીર્થના માહાત્મ્યની વિશિષ્ટતા ઉપર રહે છે.

તીર્થયાત્રાનું પ્રથમ ફલ તો સ્થિરતાપૂર્વક શાન્તિથી દર્શન-પૂજન અને નિરીક્ષણ કરવું તેજ છે.

જે તીર્થની યાત્રા કરવા આપણે જઇએ તે તીર્થસ્થાનનો ઇતિહાસ અને નામ હેતુ વગેરે જાણવામાં આવે તો તેથી તીર્થયાત્રાનું રહસ્ય સારી રીતે સમજી શકાય છે.

પરમાર્હત ગુર્જર ભૂપાલ **કુમારપાલ** મહારાજાની ધાર્મીક ઉદારતાને લીધે તારંગા ગિરિ જૈનતીર્થ તરીકે પ્રસિદ્ધ થયો, એ વાત ચોક્કસ છે; કિન્તુ તે પહેલાંનો ઇતિહાસ જાણવા આપણે પ્રયત્ન કરીએ તો જણાય છે કે **"તારંગા"** પહાડની તળાટીથી ઉત્તર દિશામાં લગભગ દોઢેક માઇલને છેટે એક દેવીનું સ્થાન છે, જેને લોકો **"તારાઇ માતા"** કહે છે. આ તારાઇ માતા તે બૌદ્ધોની માન્ય "તારાદેવી" છે. આ વાતની ખાતરી તેની ઉપરના પ્રાચીન લેખ પરથી થાય છે. જે લેખ નીચે પ્રમાણે છે:—

"ये धर्मा हेतुप्रभवा हेतुं तेषां तथागतोऽप्यवदत् ।
तेषां च यो विरोध एवंवादी महाश्रवणः ॥"

આ બૌદ્ધોની પ્રસિદ્ધ ગાથા તારા દેવીના લેખમાં છે. લેખમાં સંવત-મિતિ નથી તથાપિ લિપિની પ્રાચીનતાનો વીચાર કરતાં તે વિક્રમની સાતમી યા આઠમી સદીમાં લખાયો હશે એમ જણાય છે. આની પાસેજ એક જૂનું મકાન છે, જેમાં મુકુટ ધારિણી ઉભી મૂર્તિયો છે જે ઘણું કરીને બૌદ્ધ ધર્મના કોઇ દેવ વિશેષની હશે એમ લાગે છે.

એક બીજું પણ બૌદ્ધ-સ્મારક તારંગા પર્વત પર છે જે આજ કાલ " જોગીડાની ગુફા " ના નામથી ઓળખવામાં આવે છે. આ ગુફા બૌદ્ધોની છે અને હજી પણ તેમાં બુદ્ધની મૂર્તિઓ બેઠેલી જોવાય છે. આ ગુફા બૌદ્ધ-ભિક્ષુકોને ધ્યાન કરવાનું સ્થલ છે. આ ગુફા ઉપરના ગઢની બહાર વાયવ્ય કોણમાં લગભગ અરધા માઇલને છેટે આવેલી છે.

ઉપરનાં બન્ને દશ્યો બૌદ્ધ ધર્મનાં છે, અને તેથી એમ માનવાને કારણ મળે છે કે-અહિં બૌદ્ધનું આધિપત્ય હોવું જોઇએ. કિન્તુ એક વાત વિચારણીય છે કે-તારાદેવી અને બૌદ્ધ ગુફા વગેરે જે બૌદ્ધ સ્મારકો છે, તે સર્વ ગઢની બહાર છે. ગઢની અંદરના ભાગમાં બૌદ્ધ લોકોનો પગ પેસારો નહિ હોય.

આ ઉપરથી એમ જાણી શકાય છે કે-સાતમી આઠમી સદીમાં તારંગા ઉપર બૌદ્ધ સત્તા હશે ખરી કિન્તુ તે પહેલાં અને ત્યાર પછી ૫૦૦ વર્ષ સુધી આ પર્વત કોના કબજામાં હતો ? અને કુમારપાલ મહારાજાએ મંદિર બંધાવ્યાં તે

પહેલાં તીર્થ તરીકે પ્રસિદ્ધ થયો હતો કે નહિ તે વાતનો ચોક્કસ ખુલાસો આપણને ઇતિહાસમાંથી મળતો નથી.

## નામ–હેતુ.

તારંગા પર્વતના ઘણા નામ કહેવાય છે. વિદ્વાનોની એવી કલ્પના છે કે આ પર્વતનું નામ " તારંગા " પડવાનું કારણ તારાદેવીની સ્થાપના છે. કિન્તુ તેથી એ પ્રશ્ન ઉદ્ભવે છે કે–જ્યાં જ્યાં બૌદ્ધ લોકોએ તીર્થો સ્થાપ્યાં ત્યાં ત્યાં તારાદેવીની સ્થાપના કરી છે, તો આનું નામજ " તારંગા " શા માટે રાખવામાં આવે. સં. ૧૨૮૫ માં લખાયેલા વસ્તુપાલના લેખમાં આ પર્વતનું નામ " તારંગક " પર્વત લખ્યું છે. આચાર્યશ્રી પ્રભાચન્દ્ર પોતાના પ્રભાવક ચરિત્રમાં " તારંગ નાગ " લખે છે.

પંદરમી સદીમાં અસ્તિત્વ ભોગવતા પ્રખર વિદ્વાન આચાર્ય મુનિસુંદરસૂરિ, પં૦ પ્રતિષ્ટાસોમ અને જીનમંડનગણિ આ તીર્થનું નામ " તારણ–દુર્ગ " એવું આપે છે. એમાં તારણ એ પર્વતનું નામ છે અને દુર્ગ શબ્દ ગઢવાચક છે. આ ઉપરથી તારંગ એ પહેલાં " તારણ–ગઢ " કહેવાતો હશે એમ અનુમાન થઇ શકે છે. અને ધીમે ધીમે તારણગઢ=તારંગઢ=તારંગા એમ થયું હોય તેમ કલ્પી શકાય છે, અથવા તો " તારંગ–નાગ " ઉપરથી અંત્ય શબ્દનો લોપ થવાથી " તારંગા " થયું હોય એમ પણ કલ્પી શકાય છે.

## કુમારપાલ મહારાજાની તીર્થસ્થાપના.

તારંગાનો ઇતિહાસ વિશેષ રૂપમાં તેરમી સદીથી શરૂ થાય છે. અને તેનો સૂત્રપાત કર્તા ગુર્જર દેશના મહારાજા-પરમાર્હત-**કુમારપાલ** અને ગુર્જર-વિદ્વાનોનાં મુખ ઉજ્જવલ કરનાર મહાન્ જૈનાચાર્ય **શ્રીહેમચન્દ્રાચાર્યજી** છે. જૈન-ધર્મના પરમ સહાયક ગુર્જરભૂમિના પુત્રરત્ન રૂપ આ બન્ને મહાપુરૂષોએ આ પર્વત ઉપર ભગવંત અજીતનાથની સ્થાપના કરીને પોતાના યશોદેહને અજીત બનાવ્યો છે, તેમજ પોતાનાં પુણ્યનામોને ચિર સ્મરણીય કર્યાં છે. આ બીના માત્ર જૈનોનેજ નહિ કિન્તુ ગુજરાતી માત્રને અભિમાન ઉત્પન્ન કરે તેવી છે.

ગુર્જર મહારાજા કુમારપાલે શાકંભરી નગરીના અર્ણો-રાજ રાજાને હરાવવાને મરૂ દેશના દુર્જયગઢ ઉપર ૧૧ વખત ચઢાઇ કરી પરંતુ તે ગઢની ચારે બાજુ બે બે યોજન સુધી બાવળ અને બોરડીના વનની ઝાડી આવેલી હતી અને તેથી તેનાથી તે લઇ શકાયો નહિ. તેથી કોઇ સાતિશય દેવની સહાયતા લેવાની તેની વૃત્તિ થઇ. આ વાત તેણે પોતાના મંત્રિ-વાગભટને જણાવી. તે સાંભળી મંત્રિએ કહ્યું કે “ મહારાજ ! અહિં-**પાટણ** મધ્યે મારા પૂજ્ય પિતાશ્રી, ઉદયન મંત્રિના કલ્યાણાર્થે મેં કરાવેલી, દેવકુલિકામાં **છાડાશેઠ**ની ભરાવેલી અને **શ્રીહેમચન્દ્રાચાર્યજી** દ્વારા પ્રતિષ્ઠિત કરાએલી શ્રી અજીતનાથની પ્રતિમા છે. તેનો મહિમા જગત્‌માં અતિ અદ્‌ભૂત છે. તેની પૂજા-ભક્તિ વડે આપનો અવશ્ય

વિજય થશે." તે સાંભળી નરેશે એ પ્રતિમાની ઘણાજ ભાવપૂર્વક પૂજા-ભક્તિ કરીને એવો સંકલ્પ કર્યો કે-"જો આ વખતની લડાઈમાં હું વિજય પ્રાપ્ત કરીશ તો તેના સ્મારક રૂપ આપના તીર્થની સ્થાપના કરીશ." આ સંકલ્પ કરી નરેશે અર્ણોરાજા ઉપર ફરી ચઢાઈ કરી, અને તેમાં તેને વિજયમાળ વરી, અને મહોત્સવ પૂવર્ક પાટણમાં પ્રવેશ કર્યો.

એક અવસરે ગુરૂમહારાજને વંદન કરવા આવેલા કુમારપાલે આચાર્ય મહારાજ શ્રીહેમચન્દ્રાચાર્યજીને અજીતનાથની સ્તુતિ કરતા જોયા; ત્યારે અજીતનાથની પ્રતિમાનો પ્રભાવ યાદ આવ્યો. હર્ષપૂર્વક રાજાએ તે વાત ગુરૂમહારાજને જણાવી અને ગુરૂ મહારાજે ઉત્સાહ-જનક વચનોથી રાજાને કહ્યું કે-"હે ચાલુકયરાજ ! આ તારંગા પર્વત પણ અનેક મુનીશ્વરોને સિદ્ધિ પ્રાપ્ત કરાવનારો હોવાથી શત્રુંજય પર્વતનુંજ બીજુ રૂપ છે."

ગુરૂ મહારાજશ્રીની આ વ્યાખ્યા સાંભળીને રાજાએ કરોડો પુરૂષોને સિદ્ધિ આપવાથી પવિત્ર થએલી કોટિ શિલા વગેરેથી મનોહર શ્રી તારંગા પર્વત ઉપર એકસો એક આંગળ પ્રમાણવાળી શ્રી અજિતનાથની પ્રતિમાવડે ભૂષિત ચોરાશી હાથની ઉંચાઈવાળો ભવ્ય પ્રાસાદ કરાવ્યો.

તેરમી સદીના કયા વર્ષમાં તારંગા તીર્થની પ્રતિષ્ઠા થઇ તે હજી ચોક્કસ થયું નથી. હાલ-તો એટલુંજ કહેલું વ્યાજબી ગણાશે કે ૧૨૧૬ થી ૧૨૩૦ સુધીના કુમારપાલના

દ્રઢ જૈનત્વના ૧૪ વર્ષો પૈકી કોઇ એક વર્ષમાં તારંગાના જિનાલયની પ્રતિષ્ઠા થઇ છે.

## અન્ય ધાર્મિક-પુરૂષોનો સહયોગ.

આ પવિત્ર તીર્થની સ્થાપનાના પુણ્યના ભોક્તા તો એજ મહારાજા કુમારપાલ ગણાશે કિન્તુ એની વૃદ્ધિ અને ઉન્નતિમાં ભાગ લેનાર અનેક ધાર્મિક પુરૂષો પણ છે. જેનાં નામ જાણુવા જરૂરનાં છે. પ્રસિદ્ધ મંત્રિ વસ્તુપાલે તારંગાજી તીર્થના આ અજિતનાથ ચૈત્યમાં શ્રીઆદિનાથની પ્રતિમા સહિત બે નાની દેરીઓ કરાવી હતી, એમ તેના શિલાલેખ ઉપરથી જણાઇ આવે છે. આ બન્ને દેરીઓ હાલ લેખ સહિત મોજુદ છે; કિન્તુ તેમાં જિનપ્રતિમાને બદલે યક્ષ-યક્ષિણીની મૂર્તિઓ છે.

નાગપુરીય સા લાહડે પણ આ મંદિરના ગુઢ મંડપમાં આદિનાથના બિમ્બ સહિત ખત્તકો કરાવ્યાનો ઉલ્લેખ આબુના એક શિલાલેખમાં મળી આવે છે; જે લેખ નીચે મુજબ છેઃ—

"श्रीतारणगढे श्री अजितनाथगुढमण्डपे
श्रीआदिनाथबिम्बं खत्तरुचम् ।"

આ લેખ ૧૨૯૬ ની સાલનો છે.

## જીર્ણોદ્ધાર.

આ પરિવર્તનશિલ સંસારમાં કોઇપણ પદાર્થની સદા-

કાલ એકસરખી સ્થિતિ રહેતી નથી, એ સિદ્ધાન્ત સર્વમાન્ય છે. કોઇ અગ્નિથી કે જલથી, કોઇ વીજળીથી કે કોઇ રોગથી ભસ્મીભૂત થાય છે. કોઇ પદાર્થ લૂંટથી, મારામારીથી કે એવીજ કોઇ ભયંકર વિકૃતિથી નાશ થાય છે. આપણું આ તારંગા તીર્થ પણ આવા અકાલ કાલ-કોપનું ભોગ થઇ પડ્યું હતું.

શ્રીમાન્ મુનિસુંદરસૂરિ જૈનસ્તોત્રસંગ્રહના એક શ્લોકથી આપણને જણાવે છે કે-કુમારપાલે સ્થાપન કરેલ જિનબિમ્બ મ્લેચ્છોએ દૂર કરવાથી સુકાઇ ગયેલા તેમના પુણ્ય-વૃક્ષને ગોવિંદ-સંઘપતિએ પોતાના ધનરૂપી જલથી સિંચીને પાછું નવપલ્લવ કર્યું. કિન્તુ આવા તારંગા તીર્થને મ્લેચ્છોને હાથે નુકશાન પહોંચ્યાના સમાચાર કોઇપણ પુસ્તકથી મલતા નથી. પરંતુ એમ કહી શકાય ખરૂં કે-કદાચ અલાઉદ્દીન ખીલજીના સૈનિકોએ જ્યારે ગુજરાત ઉપર હલ્લો કર્યો તે અરસામાં આ તીર્થને પણ નુકશાન કર્યું હશે. કારણકે, નહિતર ગોવિંદ સંઘવીને જીર્ણોદ્ધાર કરીને નવીન બિમ્બ સ્થાપન કરવાની વૃત્તિ ક્યાંથી ઉત્પન્ન થાય ? બિમ્બાપગમ થવાનાં બે કારણો હોઇ શકે. એક તો દુશ્મનના હાથે અને બીજો આપત્તિમાંથી રક્ષણાર્થે ભક્તોને હસ્તે. અહિં બીજા પ્રકારનો “ અપગમ ” ઓછો જણાય છે, કારણકે તારંગાના કુમારવિહારમાં અજિતનાથનું અખંડ બિમ્બ પૂજાતું હતું; અને ગોવિંદ સંઘવી પોતે પણ શત્રુંજય, ગિરિનાર, વિગેરે તીર્થોની યાત્રા કરીને સંઘ સાથે તારંગા અજિતનાથને વંદન કરવા ગયો હતો. આ વાત સોમસૌભાગ્યમાં સ્પષ્ટ જણાવેલી છે.

ઉપરનાં કારણોથી એમ મનાય છે કે–વિક્રમની ચોદમી સદીના ઉત્તરાર્ધમાં મૂળ બિંબને ખંડિત કરીને સ્થાનથી ઉઠાડી મુકયું હશે, અને મંદિરને પણ કંઇ નુકશાન પહોંચાડયું હશે; તેથીજ ગોવિંદ સંઘવીના હૃદયમાં નવીન પ્રતિબિમ્બ પધરાવવાની ભાવના ઉદ્ભવી હશે.

## ગોવિંદ સંઘવી.

ગોવિંદ સંઘવી ઇડરના રાય શ્રી પૂંજાજીનો બહુ માનીતો અને ઇડરના સંઘના અગ્રેસર વત્સરાજ સંઘવીનો પુત્ર હતો. તે શ્રીમન્ત અને રાજમાન્ય હોવા ઉપરાંત ચુસ્ત ધર્મ શ્રદ્ધાળુ હતો, અને તપગચ્છપતિ શ્રીમાન્ આચાર્ય સોમસુંદરસૂરિને પોતે અનન્ય ભક્તિથી પૂજતો હતો; અને શત્રુંજય, ગિરિનાર અને સોપારક વિગેરેનો મોટે ખર્ચે સંઘ કાઢીને અનેક ધાર્મીક ભાઇઓનો અપૂર્વ તીર્થયાત્રાનો લાભ આપ્યો હતો. આ મ્હોટા સંઘ સાથે સઘળા પ્રસિદ્ધ તીર્થોની યાત્રા કરી પોતાને ઘેર આવ્યા પછી, આ સંઘવીના મનમાં તારંગા તીર્થમાં શ્રીઅજિતનાથની નવીન પ્રતિમા બેસાડવાનો મનોરથ ઉદ્ભવ્યો હતો. આ પછી ગોવિંદે આરાસની અંબા દેવીનું આરાધન કરી તે નવ્ય બિમ્બને માટે એક મ્હોટી શિલા ગાડામાં ભરાવીને તારંગા ઉપર મંગાવી. જેના સંબંધમાં કવિ પ્રતિષ્ઠાસોમે લખ્યું છે કે:—

" ત્યારબાદ માર્ગમાં ધીમે ધીમે ચાલતો રથ ઘણે મહીને તારંગાગિરિ ઉપર પહોંચ્યો અને પ્રેક્ષકોને આશ્ચર્ય

કરાવનાર તે મહાન્ પત્થરને ઉસ્તાદ કારીગરોએ ઘડવા માંડયો. સૂર્ય મંડળને ઝાંખું પાડનારી કાન્તિવડે ત્રણે જગત્‌ને પ્રકાશિત કરનાર, પ્રભાવશાલિ અને કદમાં ઘણુંજ મોટું શ્રી અજિતનાથનું નવિન બિમ્બ થોડાજ દિનમાં તૈયાર થયું અને લાખો માણસોએ મળીને તેને શુભ દિવસે મંદિરમાં સ્થાપન કર્યું. ”

આ નવ્ય બિમ્બની પ્રતિષ્ઠાને માટે ગોવિંદ સંઘવીએ મોટો સમારોહ આરંભ્યો અને અનેક કુંકુમપત્રિકાઓ મોકલીને પ્રતિદેશ–પ્રતિનગરના સંઘને આમંત્રણ કર્યું. આ પ્રતિષ્ઠાના માંગલિક ઉત્સવ નિમિત્તે લાખો માણસોની મેદની એકઠી થઇ.

ગુજરાતના બાદશાહની ફોજના ઉપરી અધિકારીઓ ગુણરાજ અને એકરાજ જેવા રાજ્ય–માન્ય પુરૂષોએ આ મેળાને વિશેષ શોભાયમાન બનાવ્યો. રાવ પુંજાજીના સૈનિકો દરેક જાતનો ચોકી–પેહેરો કરતા હતા અને પોતાના સાધર્મિક ભાઇઓની આ હાજરીથી ગોવિંદ સંઘવીના ઉત્સાહ અને હર્ષનો પારજ ન હતો.

આ લાખો માનવોની હાજરીમાં કૃતપુણ્ય ગોવિંદ સંઘવીએ તૈયાર કરાવેલી શ્રી અજિતનાથની પ્રતિમાની આ-ચાર્ય શ્રીસોમસુંદરસૂરિએ પ્રતિષ્ઠા કરી અને તેજ દિવસે-પંડિતજિનમંડનને વાચક–પદ પણ સમર્પણ કર્યું.

આ પ્રતિષ્ઠા કયી સાલમાં થઇ તે ચોક્કસ જણાયું નથી, કિન્તુ, એટલું કહી શકાય કે સં. १४८२ ની પહેલાં એ

પ્રતિષ્ઠા થઇ હતી, કારણ કે, ઈડરના રાવ પુંજાજીના વખતમાં એ પ્રતિષ્ઠા થઇ હતી, અને, એ વાતતો નિર્વિવાદ છે કે–રાવ પુંજાજી લગભગ ૧૪૮૨ મા વર્ષમાં સ્વર્ગવાસી થઇ ગયા હતા. તેથી તે અરસા પહેલાં તારંગાની આ પ્રતિષ્ઠા થઇ હતી એ વાત સિદ્ધ થાય છે.

પણ ફાર્બસ ગુજરાતી સભાના હસ્ત લિખિત ઐતિહાસિક ગુજરાતી પુસ્તકોમાં તારંગા વિષેના લેખમાં મૂર્તિ ઉપરના લેખની ખંડિત નોંધ છે.

**सं १४७९ श्रीज...............पं. गोईदने भार्या जायलदे....,...प्रमुख कुटुंबयुतेन श्रेयार्थे........सुरिभिः ।**

આ ઉપરથી ૧૪૭૯ ની સાલ નક્કી થાય છે.

આ હસ્ત લિખિત પુસ્તકમાં એક બીજી પણ જાણવા જેવી હકીકત છે. ગઢવાડાના બારોટ જેકણે તારંગા પાસેના ટીંબાના ઠાકોરના કારભારી જેચંદના કહ્યાથી તારંગાની હકીકત ઉતરાવેલી છે તે નીચે પ્રમાણે છે.

" તારંગાના ડુંગરની નજદીક ઉત્તર પશ્ચિમમાં અસલ તારા નગર હતું. તારંગા મહાત્મ વડનગરમાં જતીએ વાંચું હતું તેમાં એ વાત છે. એ તારા નગરનો રાજા વેણી વછરાજ (ઇડર વાળો) હતો તેણે જ તારા નગર વસાવ્યું હતું તારની તારણ દેવીની મુરતી છે. તારણ માતાથી ડાબી બાજુએ ધારણ માતાનું દેવલ છે. તે મુરતી પણ જુની છે. તે દેવીને સાત દીકરીઓ છે. તારા નગરના કિલાનો પાયો એક મૈલ

સુધી માલમ પડે છે. સં. ૧૮૭૬ ની સાલમાં રેલ આવી તારે કોતરાં પડાં તારે જુની ઘંટી નીસરી તથા વાસણ થાલીઓ વગેરે ચુના જેવાં નીસરાં હતાં. તહાં જુનાં કુંડ છે........એ વેળા નીકળેલાં તાંબાનાં પત્રો મોજે મોરીઆના માધવીઆ ભાટ પાસે છે ”

---

# હાલનાં સુંદર દશ્યો.

## મુખ્ય મંદિર.

તળાટીથી એક માઇલ જેટલો ચઢાવ ચઢયા પછી ગઢનો પશ્ચિમ દરવાજો આવે છે. દરવાજામાં પેસતાં જમણી તરફની તેની ભીંતમાં ગણેશના આકારની કોઇ યક્ષની મૂર્તિ છે, અને ડાબા હાથે કોઇ દેવીની મૂર્તિ છે. આવીજ બે મૂર્તિઓ મૂળ મંદિરમાં જવાના પહેલે દરવાજે અંદરના ભાગમાં છે. આ ઉપરથી અનુમાન કરી શકાય છે કે મંદિરમાં પેસવાના દરવાજાની માફક ગઢનો દરવાજો જૈનો તરફથી થયો હશે.

ગઢ આવ્યા પછી શરૂઆતમાં પૂર્વ તરફ, અને પછી અગ્નિ કોણમાં લગભગ અર્ધો માઇલ ચાલીએ ત્યારે ઉપરનાં મંદિરોનાં દર્શન થાય છે. પ્રથમ દિગંબર ધર્મશાળા આવે છે. અને તેની જોડેજ શ્વેતાંબરીય ધર્મશાળા અને મંદિરમાં જવાનો ઉત્તર દરવાજો દૃષ્ટિગોચર થાય છે. મુખ્ય મંદિરનું

મુખ અને મુખ્ય દરવાજો જો કે પૂર્વ સન્મુખ છે; તથાપિ લોકોની આવજા ઉત્તરના દ્વારથી થાય છે.

આ સુંદર અને ભવ્ય પ્રાસાદ (મંદિર) દૃષ્ટિએ પડતાંજ હરકોઈને અત્યંત આનંદ થાય છે, અને પૂર્વના મહાન્ દાનવીર ધર્મનિષ્ઠ પૂણ્યશાળી જીવાત્માઓના પૂણ્યકાર્ય માટે ધન્યવાદ ઉચ્ચારી જવાય છે. આ મંદિરની ઉંચાઈ જેટલી ઉંચાઈ બીજા કોઈપણ દેવળની નથી એ વાતની ખરી સત્યતા નજરે જોતાં જણાઈ આવે છે. આવી ઉંચાઈ અને ઘેરાવાવાળું જબરજસ્ત મંદિર જૈનોમાં તો બીજે કયાંયે નથીજ, પણ આખા હિંદુસ્તાનભરમાં આવું આલીશાન મંદિર હશે કે નહિ તેની શંકા થાય છે.

બહારના દૃશ્યથીજ આટલું થાય છે; પણ તે પ્રાસાદની બારીક કોતરણી તથા નમૂનેદાર બાંધણી તપાસવાથી હિંદુસ્તાનના કળા કુશળ શીલ્પ શાસ્ત્રીઓની કળાની ખરી ખૂબીની ઝાંખી થાય છે.

આ મંદિર બનાવવા માટે મહારાજા કુમારપાળે કેટલા રૂપીઆ ખર્ચ કર્યા હશે, તેની નોંધ મળતી નથી પણ કારીગરી ઉપરથી અગણિત દ્રવ્ય ખર્ચ્યું હશે, એમ અનુમાન થાય છે.

મંદિર ઉપર જે ધ્વજા દંડની પાટલી છે તે એક ખાટલા જેટલી લાંબી પહોળી છે. નીચેથી જોનારને તે નાની લાગે છે.

શ્રીઅજીતનાથ પ્રભુની અલૌકિક પ્રતિભાવાળી, મનોહર ભવ્ય અને સુંદર મૂર્ત્તિના દર્શનથી મન અને આત્મા ખૂબ આનંદ પામે છે અને ઘડીભર દુનિયાના દુઃખો ભૂલી જવાય છે.

પ્રભુની મૂર્તિ એકસોએક આંગળ કરતાં મોટી છે અને નીસરણી ઉપર ચડીનેજ લલાટમાં તિલક થાય છે.

મંદિરની ઉંચાઇ ચોરાશી હાથથી વધારે છે, તેના પ્રમાણમાં જાડાઇ પણ માલુમ પડે છે.

રંગમંડપ પણ રમણીય બનેલો છે. થાંભલાઓની જાડાઇ ઘણી છે. મંદિરની બહારની બાજુ દીવાલોમાં ચારે બાજુ ગજથર અને હાથીથર લાગેલા હાથી ઘોડા પત્થરમાં કોતરેલા છે.

આ મંદિરની કારીગરી અને સુંદરતા દેખવાથી ઘડી ભર આત્માને આનંદ મળે છે. જાણે દેવોએ બનાવેલું મંદિર ન હોય તેમ થઇ આવે છે અને મંદિર બનાવનાર શિલ્પ શાસ્ત્રીઓ તથા અઢળક દ્રવ્ય ખર્ચનાર મહારાજા કુમારપાળ પ્રબોધક શ્રીમાન હેમચંદ્રાચાર્ય અને ગોવિંદ સંઘવી માટે ધન્ય ધન્યના શબ્દો ઉચ્ચારી જવાય છે.

## ભૂલભૂલામણી.

મુખ્ય મંદિરમાં એક બાજુ ઉપર જવાનો રસ્તો છે. આ મંદિરના ત્રણ માળ છે. પણ ભૂલભૂલામણી એવી છે કે સાધારણ માણસ જઇ શકતો નથી. દીવો લીધા શિવાય કોઇ

જઇ શકતુંજ નથી. વળી એક સાથે ત્રણ ચાર માણુસોથી વધારે જઇ શકતા નથી. કાચો પોચો માણુસ તો એકમાં જતાં જતાં ગભરાઇ પાછો ચાલ્યો આવે છે–બનતા સુધી બાળકોને એક ભમતીથી આગળ લઇ જવા સલાહકારક નથી–ભૂલભૂલામણીની બનાવટમાં ખુબી છે–કારીગરની કીંમત અહીંજ થાય છે.

## કેગરનું લાકડું.

આ ભમતીમાં એક ઉત્તમ પ્રકારનું લાકડું વાપરવામાં આવ્યું છે તે કેગરનું લાકડું કહેવાય છે. મોટાં મોટાં જબરાં લાકડાના ચોગઠાં ગોઠવી દીધાં છે. જ્યાં જુઓ ત્યાં કેગર જ જોવામાં આવે. ખુબી એ છે કે આ લાકડું અગ્નિમાં બળતું નથી ઉલટું તેમાંથી પાણી છુટે છે. આટલાં બધાં વર્ષો થઇ ગયાં છતાં તેમજ આટલો ભાર છતાં એવાંને એવાં દેખાય છે.

## સૂચના–વિનંતી.

એક દીલગીરીની વાત એ છે કે આવા આલીશાન ભવ્ય મંદિરની જાહોજલાલી જાળવી રાખવાને કાળજી રાખવાને બદલે અનેક યાત્રાળુઓએ ઉપરની બધી ભીંતો પોતાના નામ અમર કરવા કોલસા વગેરેથી ચીતરી મૂકી છે. કોઇ કોઇ ઠેકાણેથી કેગરનું લાકડું ઉજેડી લઇ જવા પ્રયત્ન થયો છે. કોઇ મૂર્ખા ભાઇએ તો મીણબત્તી લગાવી તે બળે છે કે નહિ તે જોવા મહેનત લીધી છે. આ જોઇ દુઃખ થાય છે.

વાંચકને વિનંતિ છે કે આમ ન થાય તેની કાળજી રાખવી; બીજાને તેમ કરતાં અટકાવવા એ તેની ફરજ છે. મંદિરની બહાર યક્ષ, યક્ષિણીની દેરીઓ છે. આ દેરીઓ મંત્રી વસ્તુપાળે કરાવેલા સ્થાનકો છે, પણ શ્રી આદિનાથની મૂર્તિને બદલે યક્ષ, યક્ષિણીની મૂર્તિઓ છે.

## શ્રીનંદીશ્વર અને અષ્ટાપદજીનાં જોવાલાયક મંદિરો.

મુખ્ય મંદિરના કોટને લગતાં અગ્નિકોણમાં બીજાં બે મંદિરો છે. જે શ્રીનંદીશ્વર અને અષ્ટાપદજીના મંદિરો કહેવાય છે.

શ્રીનંદીશ્વરના મંદીરમાં પર દેરીઓ છે. અષ્ટાપદજીનું મંદીર જોવા જેવું છે, તેમાં વચ્ચે સહસ્રકુટનો દેખાવ છે અને ૧૪૫૨ ગણધરનાં પગલાં છે. જમણા હાથ તરફ સમેત શિખરની રચના છે, અને તેની પાછળ અષ્ટાપદજીની રચના છે. જેમાં રાવણ ચોવીસ તીર્થંકરોની ભક્તિ કરે છે, તે દેખાવ આકર્ષક છે. ડાબા હાથે શ્રી મહાવીર સ્વામીના સમવસરણની રચના છે, અને તેની પાછળ પૂર્વ તરફ શ્રીનવપદજી, પશ્ચિમ તરફ લોભીયો, મધુબિન્દુ અને કલ્પવૃક્ષનો દેખાવ અને દક્ષિણ તરફ ચૌદરાજ લોકનો દેખાવ દર્શન કરવા યોગ્ય છે. તેમાંથી બોધ મળે છે. આ મંદિર ધ્યાનપૂર્વક જોવા જેવું છે. બાજુમાં ચોમુખજીની દેરી છે. તેમજ મુખ્ય મંદિરની પાછળ બે નાની દેરીઓ છે.

## સિદ્ધશિલા.

મંદિરની ઉત્તર દિશામાં એક ટેકરી છે, જે "સિદ્ધ શિલા" કહેવાય છે. રસ્તામાં એક જુનો કુવો અને પાણીનો કુંડ આવે છે. કુવો કચરાથી લગભગ ભરાઇ ગયો છે. કુંડ પાણીથી ભરેલો છે, અને તે ઉપયોગમાં લેવાય છે. કુંડ સામે હનુમાનની દેરી છે, અને કુંડની બહાર એક પત્થરમાં શિલાલેખ છે. જે વાંચી શકાતો નથી.

સિદ્ધશિલા મુખ્ય મંદિરથી અડધા માઇલથી વધારે અંતરે છે. રસ્તામાં ન્હાની ન્હાની દિગંબર મૂર્તિઓ, ગુફાઓ, મોટા પત્થરો વગેરે આવે છે. ચઢાણ કઠણ છે. પત્થરનાં ડુંગર ઉપરથી સિદ્ધશિલાએ પહોંચાય છે. ઉપર ચૌમુખજીની અને પગલાંની દેરી છે, પાસેજ એક દિગંબર દેરી છે. તે નવી બનાવેલી છે તેમ ચોકખું જણાય છે. અહીં અનંત મુનિરાજો સિદ્ધ પદને પામ્યા છે, તેથી સિદ્ધશિલા કહેવાય છે.

## કોટિ શિલા.

મંદિરથી દક્ષિણ દિશામાં જતાં એક તળાવ અને પાસે કુવો આવે છે. ત્યાંથી કોટિ શિલા તરફ જવાનો માર્ગ છે. ટેકરી ઉંચી છે. રસ્તામાં ગુફાઓ આવે છે. બે પત્થરના બનેલા મોટા ખડકમાંથી રસ્તો નીકળે છે, તે દેખાવ ચકિત કરે તેવો છે. ઉપર ચૌમુખજીની દેરી છે. પાસે બીજી દિગંબરની દેરી છે. પણ તે મૂર્ત્તિ કંદોરો ઘસી કાઢી પાછળથી બનાવવામાં આવી છે. અહીંથી આખા ડુંગરનો દેખાવ નજરે

પડે છે. યાત્રાળુઓ સાંજના અહીં આવી કુદરતના દેખાવો જોઇ જોઇને આરામ મેળવે છે.

આ કોટિશિલા ઉપર કરોડ મુનિઓ કેવળજ્ઞાનને પામ્યા છે, તેથી કોટિ શિલા કહેવાય છે—આ કોટિ શિલા માટે શ્રી હીરસૌભાગ્ય કાવ્યમાં ઉલ્લેખ છેઃ—

**यत्तुङ्गतारङ्ग गिरौ गिरीश शैलोपमे कोटिशिलासमस्ति ।**
**स्वयंवरोर्वीव शिवाम्बुमाक्षीपाणिग्रहे कोटिमुनीश्वराणाम्॥२७॥**

## પાપ પુન્યની બારી.

મંદિરની પૂર્વ દિશામાં અર્ધા માઇલ ઉપર એક ટેકરી છે જે 'પાપ પુન્યની બારી'ના નામથી ઓળખાય છે. આ ટેકરીએ જતાં રસ્તામાં પાણીનાં ઝરણાં, બગીચાના આકારની વૃક્ષોની ઘટા માલુમ પડે છે. ચંદનના ઝાડ પણ આ રસ્તામાં જોવામાં આવે છે. પ્રાચીનકાળની ઇમારતોના મકાનના પાયા તથા ભીંતો જોવાય છે. અને તે ઉપરથી જોઇ શકાય છે કે અહીં પૂર્વે સારા પ્રમાણમાં મનુષ્યની વસ્તી હોવી જોઇએ, ટેકરીની ટોચ ઉપર એક દેરી છે જેમાં રહેલ પ્રતિમાજીના પરિકરમાં સં. ૧૨૭૫ વૈશાખ શુદી ૩ નો લખેલો લેખ છે. તેજ પત્થરવાળી દેરીની નીચેની ગુફામાં અર્વાચીન કાળમાં સ્થાપીત થયેલી પાદુકા છે. તે ગુફા પાસે તથા ટેકરીના રસ્તામાં જે મોટી ઇંટો પડેલી જોવામાં આવે છે તે તથા વલ્લભીપુરના પ્રાચીન ખંડીયરોની ઇંટો લંબાઇ પહોળાઇમાં સરખી છે.

## જૂનો કિલ્લો.

### " તારણગઢ ".

આ પર્વતવાળા પ્રદેશમાં વસેલા ગામના રક્ષણ માટે તેજ વખતમાં એક મજબૂત કિલ્લો બાંધી લેવામાં આવ્યો હતો, જે હજી પણ કેટલાક ભાગમાં જણાય છે. ઘણોખરો ભાગ જમીનદોસ્ત થઇ ગયો છે. કિલ્લાની ભીંતની જાડાઇ લગભગ ૭ ફીટ જેટલી છે. આ ઉપરથી તે કેવો મજબૂત હોવો જોઇએ તે જણાય છે. કિલ્લાના પૂર્વ અને પશ્ચિમ દિશાના દરવાજા હજી મોજુદ છે. તારંગાજી આવતાં પહેલો દરવાજો આવે છે ત્યાં ગઢનો ભાગ દેખાય છે તેમજ ટીંબા તરફ આવતાં પણ દરવાજા પાસે કિલ્લો દેખાય છે તે જોવા જેવો છે. જૈન ગ્રંથોમાં આ કિલ્લાને " તારણદુર્ગ " નામથી જણાવ્યો છે.

## જોગીડાની ગુફા.

ગઢની બહાર વાયવ્ય કોણમાં એક માઇલને છેટે આ ગુફા આવેલી છે. ગઢ પાસેથી ઉતરવું મુશ્કેલ છે. ગુફામાં જતાં શાંતિ અને ઠંડક જણાય છે. પત્થરોની કુદરતી રચના જોઇ આનંદ થાય છે. આ ગુફામાં બૌદ્ધની મૂર્તિઓ છે. આ બૌદ્ધોની ગુફા હોવી જોઇએ એમ જણાય છે. ગુફામાંથી બે જુદા રસ્તા હોય એમ જણાય છે, પણ તે ક્યાં જતા હશે તે માલુમ પડી શકતું નથી. ગુફાના પત્થરો–કુદરતી દેખાવ, અપૂર્વ શાંતિ મનને અને આત્માને તૃપ્ત કરે છે.

આવી ગુફાઓમાં ખરી શાંતિનો અનુભવ થાય તેમાં શું નવાઇ ?

## તારણ માતા.

ગઢની બહાર તલાટીથી ઉત્તર દિશામાં લગભગ દોઢેક માઇલને છેટે એક દેવીનું સ્થાન છે, ત્યાં કોઇ દેવીની મૂર્તિ છે તેને તારણ માતા કહે છે. આ તારાઇ માતા બૌદ્ધોની માન્ય તારાદેવી જણાય છે. તેના ઉપર લેખ પણ છે, તે જગ્યા રમણિય છે, પાસે આંબાના વૃક્ષો અને નદી આવી રહેલી છે. આસપાસ ગુફાઓ છે અને વાઘ ઇત્યાદિ પશુને રહેવાના કોતરો–ભોંખરાઓ દેખાય છે. આખો રસ્તો રેતીનો છે. આની પાસે ડાબી બાજુએ એક જૂનું મકાન છે જેમાં મુકુટધારિણી ઉભી મૂર્તિઓ છે તેને તારણ માતાની બ્હેન ધારણ માતા કહે છે. ધારણ માતાને સાત દીકરીઓ હતી અને તેમાં એક દીકરી કાણી હતી તે તેની બ્હેન તારણ માતાએ માગી પણ તે તો મને બહુ વ્હાલી છે તેમ કહી તેને માથે ચડાવી, એમ કહેવાય છે.

## દિગંબર મંદિરો.

મુખ્ય મંદિરની પાછળ દિગંબર મંદિરો છે. શ્રી અજીતનાથજીના પ્રાચીન ભવ્ય આલીશાન મંદિર પાસે તે ન્હાનકડાં દેખાય છે. તેમજ નવીન જણાય છે. ત્યાં દિગંબર ધર્મશાળા તેમજ પેઢી છે.

## તીર્થયાત્રા માટે તૈયારી.

જ્યારે સામાન્ય મુસાફરીએ જવું હોય તો પણ કેટલીએ તૈયારી કરવી પડે છે. તો તીર્થયાત્રા માટે જવું હોય ત્યારે સારી તૈયારી કરવી જોઇએ. પહેલાં તો ક્યાં જવું છે. કોને કોને જવું છે. આશરે કેટલો ખર્ચ થશે વગેરે વિચાર કરી નકકી કરવું. કુટુંબમાં સર્વની રાજી ખુશી પ્રમાણે કોઇનું પણ મન ન દુઃખાય તેમ કરવા કાળજી રાખવી જોઇએ.

તીર્થસ્થાન શાંતિનું સ્થાન છે તો તીર્થયાત્રા માટે જ્યારે શાંતિ મળે તેમ હોય એટલે કે વેપાર વગેરેથી નિવૃત્તિ જેવું હોય, ઉપાધિ છોડીને જઇ શકાય તેમ હોય ત્યારે નિકળવું. નહિ ઉનાળો કે નહિ શિઆળો એવા સમયે એટલે માહા માસ લગભગ જવાય તો વધારે સારૂં. સમય નકકી કરવો તે સૌ સૌના સંજોગો ઉપર વધારે આધાર રાખે છે.

જ્યારે યાત્રાએ નીકળીએ ત્યારે ખર્ચ વધારે થાય જ. તેથી પહેલાથી બરાબર વિચાર કરીનેજ પૈસાની વધારે સગવડ રાખવી. જો કે આપણા તીર્થસ્થાનોમાં ધર્મશાળા, ગાદલાં, ગોદડાં, વાસણ બળતણ, પાણી, ભાતું, વિસામા વિગેરેનો ઘણો સારો બંદોબસ્ત કરેલોજ છે અને એવો અન્ય તીર્થ સ્થાનોમાં નથી હોતો છતાં “ ચેતતો નર સદાય સુખી ” તે કહેવત પ્રમાણે પૈસાની સગવડ રાખવી.

સામાન–બોજો થોડો અને જરૂરી હોય તેટલોજ લેવો. કારણ કે તીર્થ–યાત્રામાં ઘણી જગ્યાએ ફરવાનું હોવાથી–

ટ્રેનમાં પણ વારંવાર બદલાવું પડે છે. તેથી બની શકે તેટલો ઓછો બોજો લેવો અને દરેકની નોંધ રાખવી.

પાણીનું ઠામ, મીણબત્તી કે ફાનસ, બેડીંગ-પથારી તેમજ બે પાંચ જરૂરી નાનાં વાસણો સાથે રાખવા ભૂલવું નહિ. ભાર ન વધી જતો હોય તો હવેજ મશાલો થોડો સાથે લઇ લેવો. કુટુંબ સાથે હોય તો ભાતું સારા પ્રમાણમાં કરી લેવું જેથી કોઇ જગ્યાએ રસોઇ થઈ ન થઇ અથવા જરૂર પડે ત્યાં ઉપયોગમાં આવે.

મુસાફરીમાં કેટલીક જરૂરી દેશી દવા જેવી કે સુદર્શન ચૂર્ણ, હીંગાષ્ટક ચૂર્ણ, અમૃતાંજન, ઝાડાની ગોળીઓ, અજમેટના ફુલ, લીંબુનું શરબત અથવા લીંબુનું સત્વ. ટીંચર આયોડીન, પેનકિલર-તથા સુંઠ, મરી તજ, એલાયચી, લવીંગ મરેઠી, વગેરે વસ્તુઓ નાની પેટીમાં લઈ લેવી જેથી પ્રસંગે બહુજ ઉપયોગી થઇ પડે.

તીર્થયાત્રામાં નિવૃતિ હોય છે, દર્શન પૂજા અને યાત્રા પછી કેટલાક ભાઇઓ પાને રમવામાં વખત ગાળે છે તે ઠીક નથી. તે કરતાં સાથે નીતિના, ધાર્મિક, નિર્દોષ નવલકથાના, રાષ્ટ્રીય ગીત સંગ્રહ, જીવનચરિત્રો વગેરેના પાંચ દસ પુસ્તકો લઇ લેવાં જેથી વખતનો સદ્‌ઉપયોગ થાય અને મનને આરામ મળે.

તીર્થયાત્રા માટે જરૂરી સામગ્રી ચૈત્યવંદન-સ્તવનાવળી, ચોખા, બદામ, નવકારવાળી, સુખડ, બરાસ, પૂજાના

કપડાંની જોડ, શુદ્ધ કેશર મળે તો તે, વગેરે પહેલેથી કાળજીપૂર્વક લઇ લેવી.

આટલી તૈયારી પછી શુભ મુહૂર્તે પવિત્ર સ્થાનના દર્શનાર્થે ઘરબાર અને દુકાનની ઉપાધિ છોડીને આત્માની શુદ્ધિ માટે પ્રયાણ કરવું.

## ખરી-યાત્રા.

આજકાલ જે તીર્થસ્થાનોની યાત્રા નિમિત્તે માણસો જાય છે, તેમાં યાત્રાનો ઉદ્દેશ બર આવતો નથી. અત્યારે તો બે પાંચ દિવસની સહેલ યા તો મુસાફરી જેવુંજ થાય છે. આ યાત્રાનો ખરો ભાવ આથી પ્રગટતો નથી અને ખાસ આત્મશુદ્ધિ પણ થતી નથી. યાત્રા કરવા જનાર દરેક ભાઇએ ક્લેશ અને કષાય ( ક્રોધ, માન, માયા, લોભ ) નો પ્રથમ ત્યાગ કરવો જોઇએ. ગમે તેવા પ્રસંગે સમતા રાખવી જોઇએ. યાત્રામાં તો અસત્ય બોલાય નહિ, અને કોઇ જીવ માત્રનું જરા પણ મન દુઃખાય એમ વર્તવું જોઇએ નહિ. યાત્રાએ નીકળતાંજ બ્રહ્મચર્યનો નિયમ કરવો જોઇએ અને વિષયની લોલુપતાનો સંદતર વિનાશ કરી સંયમ અને ઇંદ્રિયદમન શીખવું જોઇએ. યથાશક્તિ તપ કરવો, પ્રભુ-પરમાત્માનું ધ્યાન કરવું. ભાવપૂર્વક પૂજા-ભક્તિ કરવી અને શક્તિ અનુસાર દાન કરવું. જે ક્ષેત્રમાં પૈસાની જરૂર હોય, જ્યાં પૈસાનો સદુપયોગ જણાય ત્યાં દાન કરવું. કીર્ત્તિ માટે કે મોટા દેખાવા માટેનું દાન તે દાન નથી પણ કીર્ત્તિનો વેપાર

છે, તેમ સમજી આત્મ કલ્યાણ માટે પૈસાનો સદુપયોગ કરવો.

પૈસાના સદ્ઉપયોગમાં જમાનો તપાસવો અને ક્ષેત્ર તપાસવું અને પછી ઉચિત ક્ષેત્રમાં વાવવું. પોતાના સાધર્મી ભાઈબ્હેનો ભુખ્યાં હોય, વસ્ત્ર વિનાના હોય, કેળવણીની ગંધ વિનાના હોય, ધર્મસંસ્કાર વિનાનાં હોય, તેવા વીરના પુત્રોની સેવા કરવામાં તમે પ્રભુ વીરની સેવા કરો છો એમ માનવું જરા પણ ભૂલ ભરેલું નથી.

તીર્થસ્થાનમાં કરેલું પાપ વજ્રલેપ ગણાય છે. અને તેનો બંધ એવો તો જબરો છે કે તેને પુરેપુરી રીતે ભોગવ્યા વિના છૂટકોજ નથી. તીર્થસ્થાનમાં ચોરી–વ્યભિચાર–અસત્ય–મારામારી અને કપટનું નામ નિશાન નજ હોવું જોઈએ, નહિં તો તીર્થસ્થાનની પવિત્રતા અને મહત્તામાં સ્વચ્છંદતાથી જે ઝાંખપ આણશે તેનું મહદ્‌પાપ તે કાળાં કામ કરનાર દુઃખી પાપાત્માને શીર જરૂર રહેશે.

તીર્થસ્થાનમાં કર્મની નિર્જરા કરવાની છે. કરેલા દોષોનું પ્રાયશ્ચિત્ત કરવાનું છે. આત્માની શુદ્ધિ કરવાની છે. આધિ વ્યાધિ અને ઉપાધિમાંથી શાંતિ અને ઉચ્ચ ભાવના-બળ મેળવવાનું છે. તેમાં જો અજ્ઞાન રૂપી અંધકારથી ભૂલ્યા તો પછી છૂટવાનો બીજો રસ્તો મળશે કે નહિ તે કહી શકાય નહિ. માટે તીર્થયાત્રામાં બની શકે તેટલી સંપૂર્ણ કાળજીથી આત્મશુદ્ધિ કરવા પ્રયત્ન કરવો તે હરેક મુમુક્ષુ જીવની ફરજ છે.

## યાત્રિકોની એક બેદરકારી.

આપણા પૂર્વજોએ જે અપૂર્વ ભક્તિ ધર્મની દૃઢ શ્રદ્ધા અને જીવન સાર્થક કરવાની મહેચ્છાથી ભવ્ય અને સુંદર મંદીરો બંધાવ્યાં છે. જેમાં અઢળક ધનનો સદ્‌ઉપયોગ કર્યો છે. જેમાં જૈન ધર્મ અને ભારતવર્ષની પવિત્રતા અને જાહોજલાલી હરકોઇ નજરે જોનારને દેખાય છે, જે હજારો અને લાખો ભવ્યાત્માઓના આત્માની શુદ્ધિનું પવિત્રસ્થાન છે, જ્યાંનું પવિત્ર વાતાવરણ અનેક દુઃખી અને ઉપાધીવાળા જીવોની પરમ શાંતિનું કારણ છે તે પવિત્ર સ્થાનની કેટલાક અજ્ઞાન માણસો આશાતના કરે છે. અને તે પણ કેવળ મૂર્ખતા અને બેદરકારીને લીધેજ.

માણસને કીર્તિ–લોભ બહુજ હોય છે. કોઇ પણ રીતે મારૂં મારા મિત્રોનું બાપદાદાનું નામ રહે તેવી મહેચ્છા ( ? ) હોય છે. આ કીર્તિ લોભથીજ દાનની મહત્તા ઓછી થતી જાય છે, કારણ કે દાન કરી કીર્તિ મેળવવી એતો વેપાર થયો; છતાં ૫–૨૫ હજાર આપી કોઇ ઉત્તમ કામ કરે તો તેને તો પોતાના સ્નેહીજનનું સ્મરણ રાખવું ઉચિત છે અને તે પણ જ્યાં શોભે ત્યાંજ નામ રાખી શકાય. ત્યારે બને છે શું કે તીર્થસ્થાનોમાં જ્યાં જુઓ ત્યાં યાત્રાળુઓ વગર પૈસે પોતાની અમર કીર્તિ ( ? ) અને તેમાં પવિત્ર તીર્થની ભયંકર આશાતના કરે છે. ધર્મશાળાની ઓરડીઓ, ભીંતો, રંગીન દિવાનખાના, દહેરાસરની ભીંતો, વગેરે જ્યાં જુઓ ત્યાં પોતાના નામ ચીતર્યાં હોય છે અને ઉપાશ્રય

દેરીઓના અંદરના ભાગ અને ઘૂમટમાં પણ નામ ચીતરવામાં બાકી નથી રાખી. જેને જેમ ફાવે તેમ કોઈ કોલસાથી કોઇ સીસાપેનથી કોઇ રંગથી તો કોઇ શાહીથી પવિત્ર જગ્યાને શણગારી ગયું છે અને તેમાં એક નામ નહીં પણ આખા કુટુંબના બધા માણસોના નામ સંવત તારીખ, વલી કોઇએ દુહા તો કોઇએ કવિતા, કોઇએ ચિત્રો તો કોઇએ ફરીયાદો લખી બહાદુરી બતાવી છે. કોઇએ અંગ્રેજી તો કોઇએ ગુજરાતી આ રીતે સૌ કોઇએ તીર્થની પવિત્રતામાં મહા આશાતના કરી છે અને મારે કહેવું જોઇએ કે તેમાં વ્યવસ્થા કરનાર અને વહીવટ કરનાર માણસોએ ઓછી બેદરકારી નથી કરી. શ્રી તારંગાજીમાં તો બધી દેરીઓમાં અંદર અને બહાર ખાલી જગ્યા ચીતરી મુકી છે. ઉપરની ભૂલ ભૂલામણીમાં પણ મોટા નાના હજારો નામો લખ્યા છે. દિવાનખાનામાં સુંદર ઓરડા અને ઉપાશ્રયનો ઓરડો પણ આ રીતે બગાડી મુકયાં છે. એક તો ૧૯૬૩ ની સાલનું લખાણુ મેં જાતે વાંચ્યું છે. આ ઓછી શરમની વાત છે ?

તીર્થયાત્રા આવા કીર્ત્તિ લોભ માટે અને તીર્થની ભયંકર આશાતના માટે શું કરવા આવો છો ? પૂર્વજોની કીર્તિ આ રીતે તમે ભૂંસવા માંગો છો ? સમજુ અણસમજુ બાળક યુવક બધાને આ ચેપ લાગ્યો છે. આવી રીતે શું નામ અમર રહેશે કે ? આ ભૂલ હજી કોઇને સમજાઇ નથી તે કેવું અંધેર ? પવિત્ર સ્થાનની પવિત્રતા ઉપર તમે છાણ લીંપો છો. તેમ શું આ નથી લાગતું ? અને આ શું ઓછું પાપ છે ? બંધુઓ ! પ્રતિજ્ઞા કરો કે હવેથી કોઇ પણ જગ્યાએ તીર્થ-

સ્થાનો, ધર્મશાળા અગર ગમે ત્યાં આવા કીર્ત્તિસ્થંભ (?) અને કાળા નામો નહિ ચિતરીયે: તેમાં તીર્થનું પૂર્વજોનું અને પવિત્ર ક્ષેત્રનું અપમાન કરવા બરોબર છે. અને તમારા દાખલાથી અન્ય જૈનેતર લોકો પણ તે આશાતનામાં ઉમેરો કરે છે. માટે હવેથી તે બંધ થવું જોઇએ. એક બાળક પણ આ ન લખે તે માટે ઘરના મુરબ્બીએ ખાસ સૂચના આપવી અને હવે પછી પેઢીના માણસો તેમજ વહીવટદારો એક વખત આ લેખો તે સાફ કરાવી સખ્ત બંદોબસ્ત રાખશે કે ફરી આવી આશાતના થવા ન પામે. જ્યાં પુન્ય બાંધવાનું છે જ્યાં કર્મ ખપાવવાના છે, જ્યાં પવિત્રતા અને શાંતિ મેળવવાની છે, ત્યાં આવી આશાતનાઓ નજ થવી જોઇએ.

# યાત્રિકોને સૂચના.

૧ તીર્થસ્થાનમાં કોઇ પણ જાતની આશાતના ન થાય તેની સંભાળ રાખવી.

૨ ધર્મશાળા, ઓરડી, ગાદલા, ગોદડાં, વાસણ વગેરેની સંભાળ રાખવી.

૩ કંદમૂળ અને રાત્રિ ભોજનનો સર્વથા ત્યાગ કરવો.

૫ પ્રભુપૂજામાં શુદ્ધ કેશર યા ચંદનનો તેમજ શુદ્ધ (હાથે કાંતેલ ને હાથે વણેલ) ખાદીનાં બનેલાં પૂજાનાં કપડાંનો ઉપયોગ કરવો.

૬ જોખમની ખાસ સંભાળ રાખવી,

૭ જોડા પહેરી મંદિરમાં કદાપિ જવુંજ નહિ.

૮ કોઇ પણ જગ્યાએ ધર્મશાળામાં, ઓરડીમાં ભીંતો ઉપર કે ટૂંકો ઉપર અગર વિસામા ઉપર નામ લખી આશાતના કરવી નહિ.

૯ યાત્રાળુઓ સાથે બંધુભાવથી વર્તવું.

૧૦ તીર્થસ્થાનમાં આત્મ શુદ્ધિજ હોય. કોઇ પણ જાતનું દુર્વ્યસન મહાપાપના ભાગીદાર બનાવનાર છે તે ખાસ લક્ષમાં રાખવું.

## શ્રીવીરવિજયજીકૃત શ્રીઅજીતનાથ સ્વામીનું ચૈત્યવંદન.

આવ્યા વિજય વિમાનથી, નગરી અયોધ્યા ઠાણ,
માનવગુણ રિખ સંહિણી, મુનિજનના વિસરામ.
અજીતનાથ વૃષરાશિએ, જન્મ્યા જગદાધાર,
યોની ભુજંગમ ભય મરૂ, મૌન વર્ષ તે બાર.
સપ્ત પરણ નરૂ હેઠલેએ, જ્ઞાન મહોત્સવ સાર,
એક સહસ્ર શું શિવવર્યા, વીર ધરે બહુ પ્યાર.

---

## શ્રી પદ્મવિજયજીકૃત ચૈત્યવંદન.

અજીતનાથ પ્રભુ અવતર્યા, વનિતાનો સ્વામી,
જીતશત્રુ વિજયાતણો, નંદન શિવગામી. ૧
બહોંતેર લાખ પૂરવતણું, પાળ્યું જેણે આય,
ગજ લંછન લંછન નહિ, પ્રણમે સુર રાય. ૨
સાડાચાર એ ધનુષનીએ, જીનવર ઉત્તમ દેહ,
પાદ પદ્મ તસ પ્રણમીએ, જીમ લહીએ શિવગેહ. ૩

---

## શ્રી અજીતનાથ સ્વામીની સ્તુતિ

વિજયા સુત વંદો, તેજથી જ્યું દિણંદો.
શીતળ તાપે ચંદો, ધીરતાપે ગિરીંદો.
મુખ જેમ અરવિંદો, જાસ સેવેસુ હિંદો.
લહો પરમાનંદો, સેવના સુખ કંદો.

---

## તારંગાજીનું સ્તવન.

અજીતજીનેશ્વર ભેટીએ હો લાલ,
    તીર્થ તારંગા સુખકાર, બલીહારી રે
યાત્રા કરો ભવી ભાવથી હો લાલ,
    સમકિત મૂલ આચાર, બલીહારી રે. અજીત. ૧

થયા ઉદ્ધાર પૂર્વે ઘણા હો લાલ,
    કુમારપાલ વર્તમાન, બલીહારી રે
કર્યો ઉદ્ધાર સુહામણો હો લાલ,
    ગણધર થાશે ભગવાન, બલીહારી રે. અજીત. ૨

ચૈત્ય મનોહર શોભતું હો લાલ,
    મેરૂ મહીધર જાન, બલીહારી રે
મુક્તિ સ્વર્ગ આરોહણે હો લાલ,
    સોપાન પંક્તિ સમાન, બલીહારી રે. અજીત. ૩

પાંચમે આરે દોહિલો હો લાલ,
    તીરથ દર્શન સ્વલ્પ બલીહારી રે
પુણ્યહીન પામે નહિં હો લાલ,
    મેરૂ ધરમાં જીમ કલ્પ, બલીહારી રે. અજીત. ૪

ગર્ભતણા પરતાપથી હો લાલ,
    વિજય ન જીત્યો કંત, બલીહારી રે
તેહ કારણ નામ થાપિઓ હો લાલ,
    અજીતનાથ ભગવંત, બલીહારી રે. અજીત. ૫

નામ યથારથ સાચવ્યો હો લાલ,
જીણી મોહ નરીંદ, બલીહારી રે
અજીત અજીત પદવી વરી હો લાલ
સેવે સુર નર ઇંદ, બલીહારી રે. અજીત. ૬

અજીતનાથ કરૂણા કરો હો લાલ
હોવે સેવક જીત, બલીહારી રે,
આતમ લક્ષ્મી સંપજે હો લાલ
પ્રગટે "વલ્લભ" પ્રીત, બલીહારી રે. અજીત. ૭

---

## શ્રી તારંગાજીનું સ્તવન.

તુંગ તારંગ ગિરિ શોભતો રે લાલ;
રાજે અજીત જીણુંદરે, સોભાગી,
દર્શન કરતાં દુઃખ ટલે રે લાલ,
હોયે પરમાનંદરે સોભાગી, તુંગ ૧

અજીત જીણુંદ જુહારી તેરે લાલ,
કીજે સફલ અવતારરે, સોભાગી,
મહિમા જસ ગાજે સદા રે લાલ,
ઉતારે ભવ પાર રે, સોભાગી, તુંગ ૨

કોટિ શિલા જસ ઉપર રે લાલ,
સિદ્ધ શિલાની જેમ રે, સોભાગી,
શોભે નયણે નિહાલતાં રે લાલ,
મોદ ધરે મન જેમ રે, સોભાગી, તુંગ ૩

જાવલંબન લેતાં મુદારે લાલ,
મોહ પરાજય થાય રે, સોભાગી,
તારે તે તીરથ ગણો રે લાલ
ભવ્યજનો સહાય રે, સોભાગી, તુંગ ૪

નીરખી હરખે સહુ જનો રે લાલ,
સેવે સુર નર સંત રે, સોભાગી,
રત્ન ત્રયી પ્રગટે ખરી રે, લાલ,
આવે ભવનિધિ અંત રે, સોભાગી, તુંગ ૫

---

## શ્રી અજીતનાથજીનું સ્વતન.

ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ

પ્રીતલડી બંધાણી રે અજીત જીણંદ શું.
પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો;
ધ્યાનની તાળી રે લાગી નેહશું,
જળદ ઘટા જેમ શિવસુત વાહન દાયજો. પ્રી૦ ૧

નેહ ઘેલું મન મારૂં રે પ્રભુ અલજે રહે,
તન મન ધન એ કારણથી પ્રભુ મુજ જો;
મ્હારે તો આધાર રે સાહેબ રાવળો;
અંતર મનની પ્રભુ આગળ કહું ગુંજ જો. પ્રી૦ ૨

સાહેબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકનાં જે સહેજે સુધારે કાજ જો

એહવારે આચરણે કેમ કરીને રહું,
બીરૂદ તમારો તારણ તરણ જહાજ જો. પ્રી૦ ૩

તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભળી,
તે જાણી હું આવ્યો છું દીન દયાળ જો,
તુજ કરૂણાની લહેરે રે મુજ કારજ સરે.
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો. પ્રી૦ ૪

કરૂણાધિક કીધી રે સેવક ઉપરે;
ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંન્ન જો;
મન વંછિત ફળિયારે જીન આલંબને,
કર જોડીને મોહન કહે મન રંગ જો. પ્રી૦ ૫

---

## શ્રી યશોવિજયજીકૃત શ્રી અજીતનાથનું સ્તવન.

અજીત જીણંદશું પ્રીતડી,
મુજ ન ગમે હો બીજાનો સંગ કે,
માલતી પુલે મોહીયો,
કિમ બેસે હો બાવલ તરૂ ભ્રંગ કે. અજીત૦ ૧

ગંગા જલમાં જે રમ્યા,
કિમ છિલ્લર હો રતિ પામે મરાલ કે;
સરોવર જલધર જલ વિના,
નવિ ચાહે હો જગ ચાતક બાલ કે. અજીત૦ ૨

કોકિલ કલ કૂજિત કરે,
પામી મંજરી હો પંજરી સહકાર કે;

ઓછાં તરૂવર નવિ ગમે,
 ગિરૂઆ શું હો હોયે ગુણનો પ્યાર કે. અજીત૦ ૩

કમલિની દિનકર કર ગ્રહે,
 વલી કુમુદિની હો ધરે ચંદ શું પ્રીત કે;
ગોરી ગિરીશ ગિરિધર વિના,
 નવિ ચાહે હો કમલા નિજ ચિત્ત કે. અજીત૦ ૪

તિમ પ્રભુ શું મુઝ મન રમ્યું,
 બીજા શું હો નવિ આવે દાય કે;
શ્રી નયવિજય વિબુધ તણો,
વાચક જસ હો નિત નિત ગુણ ગાય કે. અજીત૦ ૫

---

## શ્રીઆનંદઘનજી કૃત શ્રીઅજીતનાથનું સ્તવન.

મારૂં મન મોહ્યું રે શ્રી વિમલાચલે રે—એ દેશી.

પંથડો નિહાળું રે બીજા જીન તણો રે,
 અજીત અજીત ગુણધામ;
જે તેં જીત્યા રે તેણે હું જીતિયો રે,
 પુરૂષ કિસ્યું મુજ નામ. પંથડો૦ ૧

ચરમ નયણ કરી મારગ જોવતો રે,
 ભૂલો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઇએ રે,
 નયણ તે દિવ્ય વિચાર. પંથડો૦ ૨

પુરૂષ પરંપર અનુભવ જોવતાં રે,
અંધો અંધ પુલાય;
વસ્તુ વિચારે રે જો આગમ કરી રે,
ચરણ ધરણ નહિ ઠાય. પંથડો૦ ૩

તર્ક વિચારે રે વાદ પરંપરા રે,
પાર ન પહોંચે કોય;
અભિમતે વસ્તુ વસ્તુગતે કહે રે,
તે વિરલા જગ જોય. પંથડો૦ ૪

વસ્તુ વિચારે રે દિવ્ય નયણ તણો રે,
વિરહ પડ્યો નિરધાર;
તરતમ જોગે રે તરતમ વાસના રે,
વાસિત બોધ આધાર; પંથડો૦ ૫

કાલ લબ્ધિ લહી પંથ નિહાલશું રે,
એ આશા અવિલંબ,
એ જન જીવે રે જીવન જાણજો રે,
આનંદઘન મત અંબ. પંથડો૦ ૫

# તીર્થ--યાત્રા.

દુનિયાના દરેક ધર્મમાં તીર્થયાત્રાની મહત્તા માનેલી છે. ત્યાંથી જાત્રાળુઓ પાપો ધોઇ, મુસાફરીની મુસીબતો પાર કરી, સંયમ અગ્નિમાં શુદ્ધ થઇ ઘેર આવે છે. તે ઉપરાંત એ ભૂગોળવિદ્યા, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, માનવશાસ્ત્ર અને બીજી અનેક વિદ્યાઓમાં પણ પોતાની શક્તિ પૂરતો પ્રકાશ મેળવે છે. આ બધા લાભ ત્યારે યાત્રાળુ પામે છે કે જ્યારે તે પાયદલ ( પગે ચાલીને ) યાત્રા કરે.

" નવજીવન "

હિંદુસ્તાનના મહાન્ પુરૂષોએ મુમુક્ષુઓને માટે તીર્થ-ક્ષેત્રોની યાત્રા ઉપર ખાસ ભાર મૂકયો છે. તેમણે જોયું કે જ્યાં સુધી લોકો પોતાની સંકુચિત દૃષ્ટિને ભિન્ન ભિન્ન પ્રદેશોમાં ફરીને પ્રકૃતિની સાથે એકતાન થઇને વિપુલ નહિ બનાવે ત્યાં સુધી તેના અજ્ઞાનનાં અંધારાં નહિ ઉલેચાય એટલે મોક્ષ સાધનના કેન્દ્ર તીર્થ ક્ષેત્રો બની રહ્યાં.

" નવયુગ "